 ISSN: 2349-6002

# શિક્ષણમાં સામાજિક પરિવર્તન, સમાનતા અને ન્યાય

યોગરાજસિંહ ગોહિલ

*મુલાકાતી વ્યાખ્યાતા, K M G B સરકારી વિનિયન કોલેજ, વલ્લભીપુર*

doi.org/10.64643/IJIRTV12I8-191070-459

***સારાંશ-શિક્ષણ*** **એ માત્ર જ્ઞાન આપવાનું કામ નથી કરતું પરંતુ સમાજમાં અસમાનતા, અંધશ્રદ્ધા, કુરિવાજો અને અન્યાયને દૂર કરી વધુ સારી રીતે ન્યાયસંગત, ટકાઉ અને સમાનતા પ્રધાન સમાજનું નિર્માણ કરવા માટેનું સાધન છે શિક્ષણ સમાજના સર્વાંગી વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. વર્તમાન સમયમાં ટેક્નોલોજીકલ વિકાસ અને સમાજમાં નવી તકો ઉપલબ્ધ બની છે. આ ઉપરાંત બીજી સામાજિક સમસ્યાઓનું પણ સર્જન થયું છે. જેમાં અસમાનતા, બેકારી, ગરીબી ,જાતિવાદ અને જ્ઞાતિવાદ જેવી સમસ્યાઓ વધુ પ્રમાણમાં ઉદભવી છે. આવા સંદર્ભમાં શિક્ષણ એક માત્ર સાધન છે જે સામાજિક ન્યાય અને સમાનતા પ્રાપ્ત કરવા માટે શિક્ષણને એક સાધન તરીકે જોવું જરૂરી બને છે.**

**શિક્ષણ થકી સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યા છે. સાદો સમાજ હોય કે જટિલ સમાજ, વિકસતી સમાજ હોય કે વિકાસશીલ જો તેને વર્તમાન પરિસ્થિતિમાં ટકવું હશે અથવા તો પોતાના સમાજને સર્વાંગી વિકાસ કરવા માટે શિક્ષણ એ પાયાની ભૂમિકા ભજવતી હોય છે. સમાજમાં જે પરિવર્તન આવી રહ્યા છે તેમાં કોઈને કોઈ રીતે શિક્ષણ જોડાયેલું છે. શિક્ષણ દ્વારા માનવી પોતાની બુદ્ધિ, આવડત, કલા, કૌશલ્ય દ્વારા નવી નવી બાબતોનું સર્જન કરતો થયો છે. સમાજમાં પ્રસરેલા કુરિવાજો, ખોટી માન્યતાઓ વગેરેને દૂર કરવા માટે શિક્ષણ એ ખૂબ જરૂરી સાધન છે. શિક્ષણ એ માત્ર પૈસા કમાવવા માટેનું સાધન નથી પરંતુ વ્યક્તિને સાચી દિશા અને આદર્શ વ્યક્તિ બનાવવા માટેની મહત્વની ભૂમિકા ભજવે છે.**

**આ અભ્યાસમાં શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેના સંબંધો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, સમાવેશી શિક્ષણ, સમાજના લોકોને ન્યાય મળી રહે તે હેતુથી સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાના અધિકારો અને ફરજો વિશે સભાન થશે અને સમાજમાં થઈ રહેલા અન્યાય સામે સક્રિય બની અવાજ ઉઠાવશે. સમાજના લોકોને પણ જાગૃત કરવામાં શિક્ષણ એ પાયાની ભૂમિકા ભજવે છે. આ અભ્યાસ ગૌણ સ્રોત પદ્ધતિ દ્વારા કરવામાં આવશે.**

***મહત્વના શબ્દો: શિક્ષણ***, **સામાજિક પરિવર્તન, સમાનતા, સામાજિક ન્યાય, સમાવેશી શિક્ષણ, ભારતીય શિક્ષણ નીતિ**

## I. પ્રસ્તાવના:

શિક્ષણ એ સમાજનું એક મહત્વનું અંગ છે. વર્તમાન સમયમાં કોઈ પણ ક્ષેત્રમાં શિક્ષણ એ આજે મહત્વની ભૂમિકા ભજવે છે. કોઈપણ વ્યક્તિ કે જે શિક્ષણ લીધેલ નથી તે આજના સમયમાં ખૂબ જ પાછળ છે કારણ કે વર્તમાન સમય એ ટેકનોલોજીનો સમય છે. શિક્ષણ ટેકનોલોજીને સમજવા અને તેનો ઉપયોગ કરવા માટે ખૂબ ઉપયોગી. ભારતીય શિક્ષણ પ્રણાલીમાં જોઈએ તો વિશ્વની વિશ્વવિદ્યાલયોમાં ભારતની ઘણી બધી વિશ્વવિદ્યાલયો જેવી કે નાલંદા વિદ્યાપીઠ, તક્ષશિલા વિદ્યાપીઠ, વલભી વિદ્યાપીઠ, વિક્રમશીલા વિદ્યાપીઠ વગેરે વિશ્વવિદ્યાલય આવેલી હતી. આ દરેક વિદ્યાપીઠમાં અલગ અલગ પ્રકારનું જ્ઞાન આપવામાં આવતું હતું. જેમાં વિશ્વના ઘણા બધા દેશોના વિદ્યાર્થીઓ પણ ભારતમાં આવીને શિક્ષણ લેતા હતા. જેમાં ધનુર વિદ્યા આયુર્વેદ, વાઢ- કાપ, રાજનીતિ, ધર્મ વગેરે વિશેનું શિક્ષણ મેળવતા હતા. શિક્ષણમાં ધીરે ધીરે પરિવર્તન આવતું રહ્યુ તેમ તેમ શિક્ષણના ઉદ્દેશ્યો માં પણ

ISSN: 2349-6002

પરિવર્તન આવતું રહ્યું છે. વર્તમાન સમયનું શિક્ષણ એ વ્યવસાયલક્ષી શિક્ષણ બની ગયું છે. શિક્ષણ આવતાં લોકોમાં સમાનતા અને ન્યાય મેળવવા માટે લોકો જાગૃત થયા છે. વર્તમાન સમયમાં દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે જેનાથી લોકોમાં જાગૃતતા આવી છે. આજે કોઈપણ સમાજ એ શિક્ષણથી વંચિત રહ્યો નથી.

## II. અભ્યાસના ઉદ્દેશ્યો:

1. શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેના સંબંધને સમજવું
2. સામાજિક ન્યાયને મજબૂત બનાવવા શિક્ષણ કેવી રીતે કાર્ય કરે છે તેનું વિશ્લેષણ કરવું
3. શિક્ષણ ક્ષેત્રમાં રહેલા પડકારો અને તેના સંબંધિત ઉકેલો સુચવવા

## III. પ્રાચીન શિક્ષણ અને આધુનિક શિક્ષણ વચ્ચેનો તફાવત

પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી એ વિશ્વની સૌથી જૂની અને વૈવિધ્યસભર શિક્ષણ પદ્ધતિઓમાની એક છે. આ શિક્ષણ પ્રણાલી એ માત્ર જ્ઞાન આપવા પુરતી સીમિત ન હતી પરંતુ વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય એ હેતુને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવામાં આવતું હતું. પ્રાચીન સમયમાં ભારતીય સમાજમાં શિક્ષણ એ માત્ર ઉચ્ચ વર્ગના લોકોને જ આપવામાં આવતું હતું જેના લીધે સમાજમાં અસમાનતા જોવા મળતી હતી. સમાજના નિમ્ન વર્ગના લોકોને કોઈપણ પ્રકારની શિક્ષણ આપવામાં ન આવતું હતું જેના કારણે તેઓમાં ઘણી બધી અંધશ્રદ્ધાઓ, કુરીવાજો જોવા મળતા હતા. તેઓને માત્ર તેમના વર્ગ પ્રમાણે જે કામ સોંપવામાં આવેલું હતું એ જ કામ તેઓને કરવું પડતું હતું.જેના લીધે સમાજમાં અસમાનતા, જોવા મળતી હતી. પ્રાચીન શિક્ષણ પ્રણાલીમાં ગુરુ શિષ્ય વચ્ચેના સંબંધો એ માત્ર શિક્ષણ પૂરતા સીમિત ન હતા પરંતુ તેઓ વચ્ચે આત્મીય સંબંધો જોવા મળતા હતા અને કોઈપણ પ્રકારની ફી વગર તેઓને શિક્ષણ આપવામાં આવતું હતું. પરંતુ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ શિષ્યોએ ગુરુની દક્ષિણા સ્વરૂપે કોઈને કોઈ ચીજ વસ્તુ કે ભેટ સોગાદ આપવામાં આવતી હતી.

### 1. ગુરુકુળ પ્રણાલી

ગુરુકુળ પ્રણાલીમાં વિદ્યાર્થીઓ આશ્રમમાં રહી ગુરુ પાસેથી જ્ઞાન મેળવતા તેમજ આશ્રમનું કામ કરતા, સાફ-સફાઈ કરતા સાથે સાથે જીવનરૂપી શિક્ષણ પણ મેળવતા હતા. ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધો આત્મીય સંબંધો હતા. દરેક વિદ્યાર્થીઓને પોતાના રસ અને પસંદગી પ્રમાણે તેમને શિક્ષણ આપવામાં આવતું હતું. ગુરુકુળ પ્રણાલીમાં માત્ર અભ્યાસક્રમ જ નહીં પરંતુ તેની સાથે ગુરુ શિષ્ય પાસેથી અન્ય બીજા પણ ઘણા બધા કામ કરાવતા હતા. જેમાં આશ્રમ ની સફાઈ કરવી, રસોઈ બનાવી, જંગલમાં જઈને લાકડા વીણવા જવું વગેરે કામો કરાવવામાં આવતા હતા. જેનાથી સર્વાંગી વિકાસ થઈ શકે અને ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધો વધારે મજબૂત બને તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવતી હતી.

### 2. શિક્ષણના વિષયો

પ્રાચીન સમયની શિક્ષણ પ્રણાલીની વાત કરીએ તો એ સમયમાં શિક્ષણના વિષયોમાં મુખ્યત્વે ધર્મ, સંગીત, યોગ, કલા, તર્ક વગેરે જેવા વિષયનું જ્ઞાન આપવામાં આવતું હતું. આ શિક્ષણમાં માત્ર પાઠ્યપુસ્તક પૂરતું જ્ઞાન સમિતિ પરંતુ તેમની સાથે નૈતિકતાના મૂલ્યો કર્તવ્ય ,આધ્યાત્મિકતા પર ભાર મૂકવામાં આવતો હતો આ ઉપરાંત વિદ્યાર્થીઓ પાસે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નહોતી જેથી કહી શકાય કે એ સમયનું શિક્ષણ

એ મફત શિક્ષણ હતું . રહેવા જમવા ની વ્યવસ્થા પણ ગુરુ દ્વારા કરવામાં આવતી હતી. એ સમયમાં કોઈ ચોક્કસ પાઠ્યક્રમ કે અભ્યાસક્રમ જોવા મળતો ન હતો પરંતુ વિદ્યાર્થીઓને જે વિષયમાં વધારે રસ હોય તે વિષયમાં તેમને પ્રવેશ આપવામાં આવતો હતો. જેનાથી તે પોતાની આવડત પ્રમાણે પોતાના ક્ષેત્રમાં પ્રસિદ્ધિ હાસલ કરી શકે.

## IV. પ્રાચીન શિક્ષણ પ્રણાલીનું મહત્વ

1. વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે
2. સમાજમાં નૈતિકતા,વિશ્વાસ,કર્તવ્ય,આધ્યાત્મિકતા , ધાર્મિકતા જળવાઈ રહે.
3. વૈજ્ઞાનિક અને તર્કશક્તિ વિકસાવવા.
4. જીવનલક્ષી શિક્ષણ.

## V. આધુનિક શિક્ષણ

પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને આધુનિક શિક્ષણ વચ્ચે ઘણી બધી બાબતોમાં તફાવત જોવા મળે છે. જેમાં પ્રાચીન સમયમાં જે વિષયનું જ્ઞાન આપવામાં આવતું હતું તે વિષયો માં પરિવર્તન આવેલું જોવા મળે છે. વર્તમાન સમયમાં શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું સીમિત રહ્યું છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં અભ્યાસક્રમને સમજવા કરતા તેને ગોખવામાં વધારે ધ્યાન આપે છે. વર્તમાન સમયની પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે બોજારૂપ ગણાતી હોવાને કારણે વિદ્યાર્થીઓ વધારે ને વધારે માર્ક કઈ રીતે લાવવા તે માટે સતત પ્રયત્ન કરતો હોય છે . પ્રાચીન સમયમાં વિદ્યાર્થીઓને માર્ક સાથે કોઈ નિસ્બત નોહતો. વર્તમાન સમયમાં શિક્ષણમાં ઘણા બધા સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારા દ્વારા ભારતીય શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે, ભારતીય બંધારણમાં પણ મફત અને ફરજિયાત શિક્ષણ ની વાત કરવામાં આવે છે જેમાં 6 થી 14 પ્રશ્ન બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં શિક્ષણ માટે દરેક વ્યક્તિને સમાન તક આપવામાં આવી છે જેનાથી કોઈપણ સમાજના વ્યક્તિઓ શિક્ષણથી વંચિત ના રહી જાય તે માટે અલગ અલગ ઘણી બધી જોગવાઈઓ પણ કરવામાં આવે છે. સામાજિક અને આર્થિક ક્ષેત્રે પછાત વિદ્યાર્થીઓને સરકાર દ્વારા સ્કોલરશીપ પણ આપવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓને શિક્ષણમાં કોઈ તકલીફ ન થાય તે બાબતનું ધ્યાન રાખવામાં આવે છે.

નવી શિક્ષણનીતિમાં તમામ વિદ્યાર્થીઓ માટે તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ, ગુણવત્તા યુક્ત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી પડશે. નવી શિક્ષણનીતિ પ્રમાણે વિદ્યાર્થીઓ એક સાથે બે વર્ષ પણ કરી શકશે. વિદ્યાર્થીઓને વિશાળિતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને વધારે ને વધારે રોજગાર લક્ષી શિક્ષણ આપવાની જોગવાઈ નવી શિક્ષણનીતિમાં રજૂ કરવામાં. જેનાથી વિદ્યાર્થીઓને રોજગાર મળી રહે અને પોતાનું ગુજરાન ચાલી શકે એ બાબતને ધ્યાનમાં રાખવામાં આવી છે .પ્રત્યેક બાળકની વિશિષ્ટ ક્ષમતાઓની સ્વીકૃતિ, ઓળખ અને તેમના વિકાસ માટે પ્રયત્ન કરવો – શિક્ષકો અને વાલીઓને પણ વિધાર્થીઓની શૈક્ષણિક અને અન્ય ક્ષમતાઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંવેદનશીલ બનાવવામાં આવે;

## VI. શિક્ષણમાં સામાજિક પરિવર્તન

શિક્ષણમાં આવેલા પરિવર્તનને કારણે સમાજમાં પણ ઘણા બધા પરિવર્તનો આવ્યા છે. આ પરિવર્તનો એ સમાજ માટે ખૂબ જ ઉપયોગી છે. જેમાં ઘણા બધા કુરિવાજો પણ શિક્ષણના કારણે દૂર થયા છે. બાળકીને

 ISSN: 2349-6002

દૂધ પીતી કરવાનો રિવાજ, સતી પ્રથા, વિધવા પુનઃ લગ્ન, સ્ત્રીભ્રૂણ હત્યા વગેરે જેવા કુરિવાજો માં પરિવર્તન આવેલું જોવા મળે છે આ પરિવર્તન લાવવા માટે સૌથી મહત્વનું પરિબળ શિક્ષણ છે. કોઈપણ સમાજ એ પછી વિકસિત સમાજ હોય કે વિકાસશીલ દરેક માટે શિક્ષણએ મહત્વનું પરિબળ છે સમજામાં જે અસમાનતા જોવા મળે છે તેને દૂર કરવા માટે શિક્ષણએ સૌથી શક્તિશાળી સાધન છે. બાળકનું સામાજિકકરણ કરવામાં શિક્ષણ જ મદદ કરે છે. સમયે સમયે દરેક સમાજમાં જેમ પરિવર્તન આવે છે તેમ શિક્ષણમાં પણ પરિવર્તન આવેલું જોવા મળે છે. પ્રાચીન સમયથી લઈને અત્યાર સુધી શિક્ષણમાં ઘણા બધા પરિવર્તન આવ્યા છે. ઘણી બધી નવી નીતિઓ પણ અમલમાં આવી છે. એવી સમાજની જરૂરિયાત એ પ્રમાણે શિક્ષણમાં પરિવર્તનો આવતા રહ્યા છે.

૧. શિક્ષણથી ધાર્મિક પરિવર્તન

ભારતીય બંધારણમાં ધાર્મિક સહિષ્ણુતા, સર્વધર્મ સમભાવ તેમજ દરેક વ્યક્તિને સ્વતંત્ર રીતે પોતાના ધર્મ પાળવાની તેનો પ્રચાર પ્રસાર કરવાની સ્વતંત્રતા આપવામાં આવેલી છે આજે દરેક ધર્મના લોકો મંદિર, મસ્જિદ ,ગુરુદ્વારા, અગિયારી વગેરે ધાર્મિક સ્થળોએ દરેક ધર્મના લોકો જવા લાગ્યા છે. જેમ જેમ વ્યક્તિઓ શિક્ષણ લેતા થયા છે તેમ તેમનામાં દરેક ધર્મ પ્રત્યે મહત્વની લાગણી અને અમેપણાનિ ભાવના જોવા મળે છે. પ્રાચીન સમયના લોકો અંધશ્રદ્ધામાં વધારે માનતા હતા જેના કારણે એ સમયમાં કુરિવાજોનું પ્રમાણ પણ વધારે જોવા મળતું હતું. પરંતુ વર્તમાન સમયમાં લોકો જાગૃત થયા છે જેના કારણે અંધશ્રદ્ધા કુરિવાજો વગેરેને દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ધાર્મિક અંધશ્રદ્ધાઓના પ્રમાણમાં ઘણું પરિવર્તન આવ્યું છે આજે લોકો શિક્ષણને વધારે મહત્વ આપવા લાગ્યા છે.

૨. શિક્ષણથી સાંસ્કૃતિક પરિવર્તન

સંસ્કૃતિના કોઈપણ ભાગ કે તત્વોમાં આવતું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે. આ પરિવર્તન શિક્ષણના બદલાયેલા સ્વરૂપોને કારણે જોવા મળે છે. આજે વ્યક્તિ માત્ર પોતાની સંસ્કૃતિ જ નહીં પરંતુ પશ્ચિમી સંસ્કૃતિનું પણ અનુકરણ કરવા લાગ્યો છે. પોતાની સંસ્કૃતિ અને ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિની અસર વધારે જોવા મળે છે. શિક્ષણમાં પરિવર્તન આવવાના કારણે પશ્ચિમી સંસ્કૃતિની અસર ભારતીય સંસ્કૃતિ ઉપર સૌથી વધારે જોવા મળે છે.લોકોની જીવનશૈલીમાં આવેલા બદલાવો તેમના રહેઠાણ,પોશાક, ભાષા વગેરેમાં આવેલું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે .વર્તમાન સમયમાં લોકો ની જીવનશૈલી માં ઘણું પરિવર્તન આવ્યું છે શિક્ષણતા કે સંસ્કૃતિના ભૌતિક પાસાઓ જેવા કે યંત્રો ,ફર્નિચર, મકાન વગેરે ભૌતિક ભાષા છે. ઉ. દા. તરીકે કાચા મકાનને સ્થાને નવું પાકું મકાન, સંપર્ક માટે ટેલીફોન ને બદલે સેલફોનનો ઉપયોગ વગેરેએ સંસ્કૃતિના ભૌતિક ભાષા માં આવેલું પરિવર્તન સૂચવે છે અને આ પરિવર્તન લાવવા પાછળ શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે. સંસ્કૃતિમાં જેમ જેમ પરિવર્તન આવતું જાય છે તેમ તેમ જૂની સંસ્કૃતિ અને નવું સંસ્કૃતિનું મિશ્રણ જોવા મળે છે. એક સમાજની સંસ્કૃતિ જ્યારે બીજા સમાજની સંસ્કૃતિ અને અસર કરે છે ત્યારે એક નવી જ સંસ્કૃતિનું નિર્માણ થાય છે. જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે તેમ સંસ્કૃતિમાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે. ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિની અસર સૌથી વધારે જોવા મળે છે.

૩. શિક્ષણથી આર્થિક પરિવર્તન

શિક્ષણથી આર્થિકક્ષેત્રે આમુલ પરિવર્તનો આવેલા છે. માનવ વિકાસ આંક ના બે પરિણામો શિક્ષણ અને આવક એ બે મૂળભૂત આધારસ્તંભ છે જે સામાજિક આર્થિક ક્ષેત્રને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરે છે આર્થિક વિકાસ

માટે શિક્ષણના મહત્વને નકારી શકાતું નથી. શિક્ષણ એ વ્યક્તિઓને સશક્ત બનાવે છે જેથી તેમની અંદર કૌશલ્ય જ્ઞાન, અને તકોમાં વધારો થાય છે. જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધે છે તેમ તેમ નવીનતા ઉદ્યોગ સાહસિકતા અને સામાજિક ગતિશીલતા માટે આધાર સ્તંભ તરીકે કામ કરે છે જેથી આર્થિક વૃદ્ધિ અને અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપે છે. વિશાળ જન સંખ્યા ધરાવતા ભારતમાં ઊંચી આવક મેળવવા તેમજ સારી નોકરી મેળવવા માટે શિક્ષણ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ઉદ્યોગોમાં પણ ટેકનોલોજીના સાધનોના જાણકારને સૌથી વધારે તક આપવામાં આવતી હોય છે. પ્રાચીન સમયમાં આર્થિક અસમાનતા સૌથી વધારે જોવા મળતી હતી. પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણ નું પ્રમાણ વધતા લોકોમાં જાગૃતતા આવે છે જેના કારણે આર્થિક અસમાનતાનો પ્રમાણમાં ઘટાડો જોવા મળે છે. દરેક વ્યક્તિને સમાન અધિકારો આપવામાં આવ્યા છે જેથી અસમાનતા નાબૂદ થઈ શકે.કોઠારી કમિશન પણ પોતાના અહેવાલમાં શિક્ષણને આર્થિક ઉત્પાદકતા સાથે જોડવાની વાત કરી છે. જેનાથી લોકો આર્થિક રીતે સક્ષમ બને અને પોતાના સમાજ અને પોતાના રાષ્ટ્રના ઉત્પાદનમાં વધારો કરે.

ગાંધીજીએ પણ બુનિયાદી શિક્ષણમાં સ્વાવલંબન તેમજ ઉદ્યોગ સાથે અનુબંધ સાધવાની વાત કરી શિક્ષણને આર્થિકતા સાથે સંલગ્ન કરી છે. ગાંધીજીએ ગૃહ ઉદ્યોગોને વધારે મહત્વ આપ્યું હતું. ગામડાના લોકો વધારે ને વધારે રોજગારી પ્રાપ્ત કરે તે માટે નાના પાયાના ઉદ્યોગો અને હસ્ત ઉદ્યોગોનો વિકાસ થાય તે જરૂરી હતું. ભારત દેશના મોટાભાગના લોકો આજે પણ ગામડામાં વસવાટ કરે છે જેથી ગામડાનો વિકાસ થાય તો જ દેશનો વિકાસ થાય તે માટે ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણનું પ્રમાણ વધે અને લોકો વધારે ને વધારે રોજગારી પ્રાપ્ત કરે તે હેતુ માટે ગ્રામીણ સમાજમાં રોજગારીની તો કોઈ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. અલગ અલગ યોજનાઓ મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના,

૪. શિક્ષણથી રાજકીય પરિવર્તન

વર્તમાન સમયમાં જ્યારથી સોશિયલ મીડિયા નો વ્યાપ વધ્યો છે ત્યારથી દેશની દરેક સમસ્યાઓ વિશે જુદાજુદા માધ્યમો દ્વારા ઘણી બધી ચર્ચાઓ થતી હોય છે. જેમાં લોકસાહિત્યના અગત્યના પાયા તરીકે ચૂંટણી એક અગત્યનું માધ્યમ છે અને તે માટે બંધારણીય જોગવાઈ મુજબ નોંધાયેલા રાજકીય પક્ષ કે સ્વતંત્ર રીતે કોઈપણ વ્યક્તિ ચૂંટણીમાં ભાગ લઈ શકે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીથી લઈને વડાપ્રધાન, રાષ્ટ્રપતિ ની ચૂંટણી પણ એક રાજકીય પરિવર્તન છે. આ રાજકીય પરિવર્તનમાં શિક્ષણ એ ખૂબ જ જરૂરી છે. વર્તમાન સમયમાં જે પણ રાજકીય પક્ષો છે તે પક્ષોમાં યુવાનોનું પ્રમાણ વધવા લાગ્યું છે અને લોકો જાગૃત થયા છે કે જે પણ નેતા હોય તે સારું એવું શિક્ષણ મેળવેલું હોય અને સમાજની જે સમસ્યાઓ છે તે સમસ્યાઓને સમજી અને તેનું નિરાકરણ લાવી તેવા પ્રયત્નો કરે. આ તમામ બાબતો ઉપર શિક્ષણની અસર સૌથી વધારે જોવા મળે છે.

૫. શિક્ષણ અને પંચવર્ષીય યોજનાઓ

ભારત સરકાર અલગ-અલગ પંચવર્ષીય યોજનાઓ શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે ઘણા બધા પ્રયત્નો કરવામાં આવ્યા છે જેમાં ખાસ કરીને 11 મી પંચવર્ષીય યોજના માં શિક્ષણના દર વધારો થાય તે માટે ખાસ જોગવાઈ કરવામાં આવી હતી.તેનો ઉદ્દેશ્ય 2011-12 સુધીમાં 18-23 વર્ષની વય જૂથના ઉચ્ચ શિક્ષણમાં નોંધણી વધારવાનો હતો. ઉચ્ચ શિક્ષણમાં વધારેને વધારે વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે અલગ અલગ યોજનાઓ પણ બનાવવામાં આવી હતી જેથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી સારી એવી નોકરી પ્રાપ્ત કરી શકે. ડ્રોપ આઉટ રેસીયો ઘટે અને બાળકો

શાળાએ આવતા થાય તે માટે શાળાના વાતાવરણમાં અને વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું જ્ઞાન નહીં પરંતુ તેમના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવામાં આવે એવી જોગવાઈ આ પંચવર્ષીય યોજનાઓમાં કરવામાં આવી હતી.

વિદ્યાર્થીને ધ્યાનમાં રાખીને અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓને શાળાએ સૌથી વધારે સમય પસાર કરે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. અલગ અલગ પંદર જેટલી પંચવર્ષીય યોજનાઓ અમલમાં આવી હતી આ પંચવર્ષીય યોજનાઓમાં શિક્ષણ ક્ષેત્રે ઘણી બધી યોજનાઓ અમલમાં આવી છે જેનાથી શિક્ષણના સ્તરમાં સુધારો થાય અને યુવાનો દેશના વિકાસ માટે ઉપયોગી થાય તેવું શિક્ષણ આપવામાં આવે તેવી જોગવાઈઓ કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી તમામ બાબતોને આ પંચવર્ષીય યોજનાઓમાં આવરી લેવામાં આવી હતી. જેનાથી સાક્ષરતાના દરમા વધારો થાય અને શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુને ધ્યાનમાં રાખીને 11 મી પંચવર્ષી યોજનામાં શિક્ષણને વિશેષ મહત્વ આપવામાં આવ્યુ હતું.

### ૬. શિક્ષણથી સમાજ ઘડતર

કોઈપણ સમાજના વિકાસ માટે શિક્ષણ પાયાની ભૂમિકા ભજવે છે. સમાજના ઘડતર માટે અને તેના વિકાસ માટે સમાજના લોકોમાં શિક્ષણનું પ્રમાણ જેટલું વધારે હશે તેટલો તે સમાજ વિકસિત હશે. જેમ જેમ લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ લોકો પોતાના સમાજ માટે અને પોતાના સમાજના યુવાનો માટે નવી નવી બાબતો ઉપર સૌથી વધારે ધ્યાન આપવા લાગ્યા છે જેના કારણે યુવાનો સાચી દિશા તરફ આગળ વધે અને પોતાના સમાજનું નામ રોશન કરે. જે વ્યક્તિએ શિક્ષણ લીધેલું છે તે વ્યક્તિ પોતાના કુટુંબ અને પોતાના સમાજના વિકાસ માટે હંમેશા તત્પર હોય છે .પોતાના સમાજના કુરિવાજો દૂર કરવા માટે જો વ્યક્તિએ શિક્ષણ લીધેલું હશે તો એ અન્ય વ્યક્તિને સારી રીતે સમજાવી શકશે કે જે કુરિવાજો છે જો તેને દૂર કરવામાં નહીં આવે તો એ સમાજ માટે નુકસાનકારક રહેશે અને સમાજના વિકાસમાં અવરોધ રૂપ બનશે જેથી આપણે સાથે મળીને કુરિવાજોને દૂર કરવા જોઈએ અને સમાજમાં પરિવર્તન લાવવું જોઈએ. પ્રાચીન સમયમાં ઘણા બધા સમાજમાં બાળ લગ્ન નું પ્રમાણ જોવા મળતું હતું જેના કારણે બાળકોને નાની ઉંમરમાં જ લગ્ન કરાવી દેવામાં આવતા હતા જેનાથી તેના ઉપર ઘણી બધી જવાબદારીઓ આવી જતી હતી પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણમાં પરિવર્તન આવતા બાળ લગ્નનું પ્રમાણમાં ઘટાડો થઈને જોવા મળે છે.

દરેક સમાજના લોકોએ આજે પોતાના સમાજના વિકાસ માટે અને પોતાના સમાજના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ સ્કૂલ,હોસ્ટેલો, સરકારી નોકરીની તૈયારી માટે લાઇબ્રેરીઓ અને સારા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ પણ આપવા લાગ્યા છે.જેથી વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવે અને સમાજના વિકાસ માટે યોગદાન આપે તે બાબતને વધારે ધ્યાન આપવામાં આવ્યું છે.

### ૭. શિક્ષણ અને સમાજ કલ્યાણ

શિક્ષણ માં પરિવર્તન આવતા લોકો સમાજના વિકાસ માટે પોતાનું યોગદાન આપવા લાગ્યા છે. સરકાર દ્વારા ચલાવવામાં આવતા સમાજ કલ્યાણના કાર્યક્રમ જેમકે મફત અને ફરજિયાત શિક્ષણ વિદ્યા અભ્યાસ મૃત્યુ મધ્યાન ભોજન યોજના છોકરીઓને શિક્ષણ માટેની યોજના બાબતો શિક્ષણના પ્રસાદ દ્વારા સમાજના નબળા વર્ગોની મજબૂત બનાવવાનો પ્રયત્ન કરે છે. શિક્ષણ વગર કોઈપણ સમાજનો વિકાસ કરવો અધૂરું બને છે . શિક્ષણ દ્વારા સમાજ અને સમાજના સભ્યો ના ધ્યેય

પ્રાપ્ત કરવામાં અને તેને જરૂરી સાધન પૂરા પાડવામાં શિક્ષણ મહત્વ નો ફાળો આપે છે. જરૂરિયાતના સંદર્ભમાં જોઈએ તો માનવીની સામાન્ય જરૂરિયાતો જેવી કે શારીરિક મનોવૈજ્ઞાનિક અને સામાજિક છે. સમાજના તમામ લોકોને લાગુ પડે છે. પરંતુ સમાજમાં કેટલાક લોકો વિશેષ જરૂરિયાતો ધરાવનારા છે. આ જરૂરિયાતો પૂરી કરવા માટે તેમને સમાજના અલગ અલગ સાધનોની જરૂર પડે છે અને આ સાધનો પૂરા પાડનાર સમાજ અને તેના સભ્યો હોય છે.

સમાજમાં કેટલાક એવા વ્યક્તિઓ કે જૂથો છે જે ભેદભાવ અને દમણનો ભોગ બનવાથી પાછળ રહી ગયા છે. આ પાછળ રહી ગયેલા સમાજને આગળ લાવવા માટે શિક્ષણ એ સૌથી અગત્યનું પરિબળ છે જેના થકી ભેદભાવને દમણનો ભોગ બનેલા સમાજને આગળ લાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. સમાજ કલ્યાણ સેવાઓની જોગવાઈઓ સામાજિક અધિકારોથી વંચિત જૂથો - અનુસૂચિત જાતિ, અનુસૂચિ જનજાતિ, વિચારતા સમુદાયો, વિધવાઓ, કુવારી માત રોગીઓને સમાજ કલ્યાણ કાર્યક્રમો દ્વારા સીધી સહાય કરવામાં આવે છે

## V. શિક્ષણમાં સમાનતા અને ન્યાય

શિક્ષણ સમાન તકો પ્રદાન કરી સમાજમાં અસમાનતા ઘટાડે છે છોકરા અને છોકરીઓ બંને ને શિક્ષણ ની સમાન તકો મળે તે માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. શિક્ષણ આવતાં સમાજમા જે અસમાનતા જોવા મળે છે તેમાં ઘટાડો થશે અને તેના કારણે સમાજના લોકો વચ્ચે અમેપણાની ભાવનામાં ઉદભવે છે. દરેક વ્યક્તિઓને સમાનતા મળે અને સમાન અધિકાર ફરજો સામે વ્યક્તિઓ લડી શકે તે માટે શિક્ષણ લડવાની ક્ષમતા આપે છે. શિક્ષણ થી સમાજના લોકો અને અન્ય સમાજો વચ્ચેના જે ભેદભાવો છે તે ભેદભાવો દૂર થશે અને સમાનતા સ્થાપિત થશે. કોઈ પણ દેશું નું ભાવી તેમાં વસતા બાળકોના સર્વાંગી પર જ નિર્ભર હોય છે . જેમ બાળકોને સમાન અધિકાર આપવાની વાત છે તેમ સ્ત્રીઓ ને પણ સમાન માનવીય અધિકારો મળે તો તેના વિકાસની સીમા ન રહે.

શિક્ષણ સ્વસ્થ્ય આજીવિકા, અને પ્રગતિની સમાનતકો ન આપીને સમાજની અર્ધોઅર્ધ પ્રજાને સદીઓથી અન્યાય થતો આવ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં દરેક વ્યક્તિઓને શિક્ષણમાં સમાન તકો મળતી હોવાથી સ્ત્રી અને પુરુષ બંનેમાં સમાનતા જોવા મળે છે જેના કારણે આજે શિક્ષણ થતું સમાજમાં સમાનતા અને ન્યાય જોવા મળે છે. ભારત દેશમાં જે અસમાનતા જોવા મળે છે તેનો એક કારણ શિક્ષણ પણ હોઈ શકે છે. અમીર વધારે ને વધારે અમીર બનતા જાય છે અને ગરીબ વધારે ને વધારે ગરીબ બનતા જાય છે જેના કારણે અસમાનતા જોવા મળે છે. નવી શિક્ષણનીતિમાં તમામ લોકોને સમાન રીતે શિક્ષણ મળી રહે તે બાબતો પર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે જેના કારણે જે ઉચ્ચ નીચેના ભેદભાવો છે તે દૂર થાય અને દરેક સમાજમાં સમાનતા જોવા મળે તે નવી શિક્ષણનીતિનો ધ્યેય છે

## VI. ભારતના શિક્ષણ સમાનતા અને ન્યાય વધારવા માટે અને નીતિઓ રચવામાં આવી છે

1. શિક્ષણનો અધિકાર (RTE) 2009
2. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020
3. મધ્યાન ભોજન યોજના
4. અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટેના વિશેષ કાર્યક્રમો

## VII. મુખ્ય પડકારો:

1. ગ્રામ્ય અને શહેર વચ્ચે ગુણવત્તામાં તફાવત
2. શિક્ષકોની અછત અને તાલીમની ગુણવતા

3. શિક્ષણમાં રાજકીય અને વહીવટી અવરોધ
4. શિક્ષકો માટે આધુનિક તાલીમ

## VIII. નિષ્કર્ષ:

શિક્ષણ સમાજમાં સામાજિક પરિવર્તન,સમાનતા અને ન્યાય સ્થાપિત કરવાનો સૌથી સશક્ત માર્ગ છે. ભારતના હજી પણ અસમાનતા અને અન્યાયના પડકારો છે, પરંતુ સર્વસમાવેશી અને ગુણવત્તાયુક્ત શિક્ષણની અસરકારક નીતિઓ અમલમાં મૂકીને ન્યાપ્રધાન સમાજનું નિર્માણ
શક્ય છે. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં જાગૃતિ, સશક્તિકરણ અને પોતાની ક્ષમતા યોગ્ય રીતે ઉપયોગ કરવાની તાકાત આવી શકે છે.

## સંદર્ભસૂચી

[1] *Five Year Plans of India.* (n.d.). Retrieved from Wikipedia: https://en.wikipedia.org/wiki/Five-Year_Plans_of_India
[2] પરમાર, અ. (૨૦૧૭, ૦૨ ૦૯). *શિક્ષણ (education) દ્વારા આર્થિક વિકાસનું માધ્યમ ઉદ્યોગ દ્વરા શિક્ષણ.* Retrieved from બ્લોગર: https://educationandnet.blogspot.com/2017/02/education.html
[3] ભગત, ડ. (૨૦૨૫, ૦૧ ૧૩). *શિક્ષણ જ સમાજ કલ્યાણ માટે મૂળભૂત આવશ્યકતા છે.* Retrieved from https://navgujaratsamay.com/education-is-a-basic-necessity-for-social-welfare/265291.html
[4] શાહ, બ. વ. (૧૯૮૭). *શિક્ષણનું સમાજશાસ્ત્ર* .યુનિવર્સિટિ ગ્રંથ નિર્માણ બોર્ડ